# મ્યુનિ. ટેક્ષ વિભાગ નવી મિલકતોની આકારણી પ્રક્રિયા ઝડપી બનાવશે

**(પ્રતિનિધિ) અમદાવાદ,** અમદાવાદ શહેરમાં ખૂબ જ મોટી સંખ્યામાં નવા બાંધકામો થઈ રહયા છે આ બાંધકામો માટે પ્રોપર્ટી ટેક્ષની આકારણી કરવામાં અસહ્ય વિલંબ થતો હોય છે મોટાભાગના કિસ્સામાં બીયુ પરમીશન ઈશ્યુ થયા બાદ ત્રણ ચાર મહિના સુધી ટેક્ષની આકારણી થતી નથી જેના કારણે તંત્રની આવકમાં ઘટાડો થાય છે તેથી હવે બીયુ ઈશ્યુ થયા બાદ ૪૫ દિવસમાં જ આકારણી કરવા જવાબદાર વિભાગને તાકિદ કરવામાં આવી છે.

મ્યુનિ. રેવન્યુ કમિટિ ચેરમેન જૈનિક વકિલના જણાવ્યા મુજબ હાલ મ્યુનિ. કોર્પો.ના જે તે એસ્ટેટ ખાતા દ્વારા નવી મિલકતને બીયુ આપવામાં આવ્યા બાદ તેની નકલ જે તે ઝોનના પ્રોપર્ટી ટેક્ષ વિભાગને મોકલવામાં આવે છે તેના આધારે ટેક્ષના અધિકારીઓ સ્થળ પર જઈ તેની માપણી કરે છે અને માલિકી પુરાવા મેળવી આકારણી કરે છે આ પ્રક્રિયામાં ઘણો વિલંબ થાય છે. ઘણા કિસ્સામાં મકાનના વેચાણ થઈ ગયા બાદ પણ આકારણી થતી નથી તેથી એસ્ટેટ ખાતા દ્વારા બીયુ ઈશ્યુ કરવામાં આવ્યા બાદ વધુમાં વધુ ૧૦ દિવસમાં તેની તમામ માહિતી પ્રોપર્ટી ટેક્ષ વિભાગને મોકલી આપવામાં આવે તેવી તાકિદ કરવામાં આવી છે જયારે ટેક્ષ વિભાગે પણ આવી માહિતી મળ્યા બાદ ૪૫ દિવસની અંદર આકારણી કરવાની રહેશે આ પ્રક્રિયા શક્ય હોય તેટલી ઝડપી થાય તે માટે પ્રયત્ન કરવામાં આવશે. ચાલુ વર્ષે જુલાઈ માસમાં ટેક્ષ બીલો છપાવી તેના વિતરણની વ્યવસ્થા કરવામાં આવી છે તેથી સપ્ટેમ્બર માસ સુધીમાં વર્તમાન નાણાંકિય વર્ષની આવક શરૂ થઈ જાય તેવી શક્યતા છે. મ્યુનિ. ટેક્ષ વિભાગ દ્વારા ૧૯ લાખ બીલો છપાવવામાં આવ્યા છે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

અત્રે નોંધનીય છે કે ૨૦૧૯-૨૦ માં એસ્ટેટ વિભાગ દ્વારા ૬૫૬ બીયુ ઈશ્યુ કરવામાં આવી હતી જે પૈકી તમામની આકારણી થઈ ગઈ હતી જેના કારણે ટેક્ષની ડીમાન્ડમાં રૂા.૧૧.૫૩ કરોડનો વધારો થયો હતો તેવી જ રીતે ૨૦૨૦-૨૧માં ૬૭૧ મિલકતોને બીયુ ઈશ્યુ કરવામાં આવી હતી જે પૈકી ૬૬૮ મિલકતોની આકારણી કરવામાં આવી હતી જેના કારણે રૂા.૮.૬૮ કરોડની ડિમાન્ડ વધી હતી.

# સુરતમાં કારચાલકે ૫ લોકોને અડફેટે લીધા

**(એજન્સી) અમદાવાદ,** સુરતઃ થોડા દિવસ પહેલા અમદાવાદના ઈસ્કોન બ્રિજ ઉપર બનેલી ઘટનાનું પુનરાવર્તન ગઈકાલે રાત્રે સુરતમાં જોવા મળ્યું હતું. સુરતના કાપોદ્રા વિસ્તારમાં કારચાલકે પાંચ જેટલા લોકોને અડફેટે લીધા હતા. જેને લઈને સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. કારચાલક નશામાં હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે, જ્યારે સ્થાનિકોએ કારચાલકને માર મારી પોલીસના હવાલે કર્યો હતો. થોડા દિવસ પહેલાં અમદાવાદના ઈસ્કોન બ્રિજ ઉપર બનેલી ઘટનામાં નવ લોકોના જીવ ગયા બાદ સરકાર અને પોલીસ દ્વારા દારૂના નશામાં ગાડી ચલાવી

**મોટી સંખ્યામાં સ્થાનિક લોકો રસ્તા પર દોડી આવ્યા હતા અને કારચાલકને ઝડપી પાડી તેને માર મારી પોલીસને હવાલે કર્યો હતો**

અકસ્માત કરતાં હોય અથવા તો જીવના જોખમે ગાડી ચલાવી લોકો માટે આફત બનતાં લોકો સામે લાલ આંખ કરી છે. તેમની સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે, પણ જાણે ગુજરાતમાં લોકોને અકસ્માતો અને પોલીસના કાયદાની બીક રહી નથી તેમ લાગી રહ્યું છે. સુરતના કાપોદ્રા વિસ્તારમાં કારચાલકે બેફામ રીતે ગાડી હાંકી ત્રણ મોટર સાયકલ ઉપર પસાર થઈ રહેલા પાંચ લોકોને અડફેટે લીધા હતા. જેને લઈને તમામ લોકોને ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માતની ઘટના બનતા મોટી સંખ્યામાં સ્થાનિક લોકો રસ્તા પર દોડી આવ્યા હતા અને કારચાલકને ઝડપી પાડી તેને માર મારી પોલીસને હવાલે કર્યો હતો. અકસ્માતને લઈને તાત્કાલિક દોડી આવેલા લોકોએ ૧૦૮ની મદદથી ઈજાગ્રસ્તોને ખાનગી હોસ્પિટલમાં ખસેડયા હતા. ઘટનાની જાણ થતાં પોલીસ પણ ઘટના દોડી આવી હતી અને કારચાલકની ધરપકડ કરી તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઓસ્ટ્રેલિયામાં ભારતીય મૂળના વિદ્યાર્થી પર બર્થડે સેલિબ્રેશન સમયે જીવલેણ હુમલો

**(એજન્સી) મેલબર્ન,** ઓસ્ટ્રેલિયામાં અત્યારે ક્રાઈમ રેટ વધી ગયો છે અને તેવામાં ભારતીય મૂળના નાગરિકોની ત્યાં જાહેરમાં હત્યાઓના કિસ્સા પણ વધ્યા છે. મેલબર્નમાં ભારતીય મૂળના ૧૬ વર્ષીય રેયાન અને તેના ૨ મિત્રો પર ઓસ્ટ્રેલિયાના કેટલાક લોકોએ મળીને હુમલો કર્યો હતો. પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે આ હુમલો છોકરાના જન્મદિવસે તેના પર કરાયો હતો, આ સમયે તે તેના મિત્રો સાથે બાસ્કેટબોલ રમી રહ્યો હતો. તેવામાં અચાનક ૭થી ૮ લોકો આવ્યા અને તેના ગ્રુપને ધમકાવી રહ્યા હતા. જોતજોતામાં આ ગ્રુપે તેમની પાસેથી મોબાઈલ ફોન અને ટ્રેીના સ્નીકર્સ માગી લીધા હતા. આ લૂંટ દરમિયાન મામલો બિચક્યો અને શખસોએ તેના પર હુમલો કરી દીધો હતો. ત્યારે તેની સાથે રહેલા અન્ય ૨ લોકોને ગંભીર ઈજા પહોંચતા સ્થિતિ વણસી હતી. પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે ઓસ્ટ્રેલિયામાં આ ઘટના ટાર્નિટ શહેરમાં ઘટી છે. જ્યાં રેયાન સિંહ નામનાં ભારતીય મૂળના વિદ્યાર્થી અને તેના દોસ્તો પર એક ગેંગ દ્વારા જીવલેણ હુમલો કરાયો હતો. ઉલ્લેખનીય છે કે આ બધા મિત્રો રેયાનના જન્મ દિવસની ઉજવણી કરી રહ્યા હતા. એટલે કે પહેલા તેઓ બાસ્કેટ બોલ રમી એન્જોય કરવાના હતા અને ત્યારપછી ડિનર માટે પણ પરિવાર સાથે પાર્ટીમાં જવાના હતા. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સમાં ઉલ્લેખ કરાયો છે કે જ્યારે આ ૩ છોકરાઓ રમી રહ્યા હતા ત્યારે અચાનક એક ગેંગ ત્યાં આવી ગઈ હતી. આ ગેંગમાં ૭થી ૮ લોકો હતા અને તેમણે હથિયારો વડે જીવલેણ હુમલો કરી દીધો હતો. ઉલ્લેખનીય છે કે મીડિયા રિપોર્ટ્સમાં જણાવ્યા પ્રમાણે રેયાન એક શાનદાર ક્રિકેટર પણ છે. તે અત્યારથી જ ક્રિકેટમાં કારકિર્દી બનાવવા માટે તત્પર છે. ત્યારે હવે અત્યારે રેયાનને આંગળીમાં ગંભીર ઈજા પહોંચી છે અને તેની સર્જરી પણ કરાવવી પડશે. એટલે કે હવે થોડા સમય માટે તે ક્રિકેટના મેદાનથી દૂર થઈ ગયો છે. એટલું જ નહીં ઓસ્ટ્રેલિયામાં જે પ્રમાણે લૂંટ કરવાના ઈરાદે હુમલાઓ અને હત્યાઓ થઈ રહી છે તેની સામે પણ સ્થાનિકોએ અવાજ ઉઠાવ્યો હતો. એટલું જ નહીં પોલીસે ઝઝફ ફૂટેજ ચેક કર્યા તો જાણવા મળ્યું કે આમાં કુલ ૭થી ૮ લોકો સામેલ હતા અને એક બ્લેક ફ્રેમવાળી ગાડીમાં બેસીને ભાગી ગયા છે. હવે આ ગાડીમાં કોણ હતું અને કોની હતી તથા ક્યાં જતી રહી એ સવાલ ઊભો રહ્યો છે.

# સુરત જઈ રહેલી મુસાફરો ભરેલી લક્ઝરી બસ પલટી

**(એજન્સી) ભાવનગર,** ભાવનગર શહેરમાં ખાનગી લક્ઝરી બસને અકસ્માત નડ્યો હોવાની ઘટના સામે આવી છે. લક્ઝરી બસ પલટી જતાં ૧૦થી વધુ લોકોને ઈજા પહોંચી છે. અકસ્માતની આ ઘટના ઉમરાળાના પરવાળા ગામ પાસે બની હતી. બસ ગારિયાધારથી સુરત જઈ રહી હતી, ત્યારે અકસ્માત નડ્યો હતો. સંતભૂમિ નામની ખાનગી લક્ઝરી બસ પલટી મારી ગઈ હતી. બસ પલટતા ૧૦થી વધુ પ્રવાસીઓ ઘાયલ થયા છે,

જ્યારે ઘાયલોને ભાવનગરની હોસ્પિટલમાં ખસેડાયા છે. ગારીયાધારથી સુરત જઈ રહેલી ખાનગી લક્ઝરી બસ પલટી જતાં મુસાફરોને ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ગારીયાધારથી સુરત જતી ખાનગી બસ ઉમરાળા તાલુકાના પરવાળા ગામ પાસે પલટી મારી. ડ્રાઈવરે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા બસ પલટી મારી હોવાની ચર્ચા. ઈજાગ્રસ્તોને સારવાર માટે ટીંબી હોસ્પિટલ અને ભાવનગર હોસ્પિટલ ખાતે ખસેડાયા છે.

# H&M એ તેનો ત્રીજો અમદાવાદ સ્ટોર પેલેડિયમ મોલમાં ખોલ્યો

**અમદાવાદ,** એચએન્ડએમ ઈન્ડિયા, ફેશન અને ગુણવત્તા માટે ટકાઉ રીતે શ્રેષ્ઠ કિંમતે જાણીતી આંતરરાષ્ટ્રીય રિટેલર, પેલેડિયમ અમદાવાદ મોલમાં અમદાવાદમાં તેનો ત્રીજો સ્ટોર ખોલે છે. નવીનતમ આંતરિક વલણો દ્વારા ડિઝાઈન કરાયેલ ૧૭૪૯ ચોરસ મીટરમાં ફેલાયેલ, આ સ્ટોર મહિલાઓ, પુરુષો અને બાળકો માટે H&M ના નવીનતમ સંગ્રહને દર્શાવતો આધુનિક અને આવકારદાયક શોપિંગ અનુભવ પ્રદાન કરે છે. નવા સ્ટોરની શરૂઆત ડિઝની૧૦૦ટ H&M જેવા આકર્ષક સહયોગ સંગ્રહો સાથે પૂરક છે, જે કલાકાર ટ્રેવર એન્ડ્રૂ દ્વારા મેન્સ માટેનો સંગ્રહ છે જેમાં ટ્રેવર એન્ડ્રૂ દ્વારા પુનઃકલ્પિત ડિઝનીના સુપ્રસિદ્ધ પાત્રોને દર્શાવતા સ્ટ્રીટવેર-પ્રેરિત ટુકડાઓનો સમાવેશ થાય છે. નવો સ્ટોર ન્યૂ સીઝન કિડ્સ કલેક્શન પણ ઓફર કરશે જેમાં INR799 થી શરૂ થતા બેઝિકસથી લઈને ફંકશનલ આઈટમ્સ સુધીની દરેક વસ્તુની સુવિધા છે. આકર્ષક ડ્રેસ અને નાજુક બ્લાઉઝ ક્યુટ ક્રોપ ટોપની સાથે ટ્રેન્ડી જીન્સ સાથે આવે છે.

“અમદાવાદમાં અમારો ત્રીજો સ્ટોર રજૂ કરતાં અમને ઘણો આનંદ થાય છે. અમદાવાદ એ કએવું શહેર જયાં ૨૦૧૮માં અમારો પ્રથમ સ્ટોર શરૂ થયો ત્યારથી અમારા ગ્રાહકો તરફથી ખૂબ જ સારો આવકાર મળ્યો છે. અમે હંમેશા એક આકર્ષક ફેશન અનુભવ પ્રદાન કરવાનો પ્રયત્ન કરીએ છીએ જ્યાં અમારા ગ્રાહકો શૈલીની ઉજવણી કરી શકે. આ સ્ટોર સાથે, અમે અમારા ગ્રાહકોને શ્રેષ્ઠ કિંમતે ફેશન, ગુણવત્તા અને ટકાઉપણું દ્વારા સિઝનની નવીનતમ વર્ગીકરણ અને વધારાનું મૂલ્ય પ્રદાન કરીશું." H&M ઈન્ડિયાના કન્ટ્રી સેલ્સ મેનેજર યાનિરા રામિરેઝે જણાવ્યું હતું.

# અતીક અહેમદના વકીલની ધરપકડ

**(એજન્સી) પ્રયાગરાજ,** યુપી સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ) અને પ્રયાગરાજ પોલીસની સંયુક્ત ટીમે ઉમેશ પાલ મર્ડર કેસમાં અતીક અહેમદના એક વકીલની ધરપકડ કરી હોવાનો દાવો કર્યો હતો કાકરાના (સરાયઈનાયત) રહેવાસી વકીલ વિજય કુમાર મિશ્રાની લખનઉથી ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે, આઈપીસીની કલમ ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૫૦૬, ૩૪ અને ૧૨૦મ્ની સાથે-સાથે ૭ સીએલસી એક્ટ, એક્સપ્લોસિવ એક્ટની કલમ ૩ તેમજ એસસી-એસટી એક્ટની કલમ ૩ (૨) હેઠળ ધૂમનગંજ પોલીસ સ્ટેશનમાં વોન્ટેડ હતી. અન્ય વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું કે અતીકના ધરપકડ થયેલા વકીલ ખાન દૌલત હનીફના નિવેદન તેમજ અન્ય ઈલેક્ટ્રોનિક પુરાવાના આધારે મિશ્રાની ધરપકડ કરી હતી.

**વેસ્ટર્ન ટાઇમ્સ**

**વેસ્ટર્ન ટાઇમ્સ**માં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

-જાહેરખબર મેનેજર

**નામ બદલેલ છે**

મેં મારું નામ **સિંઘવ જૈમિન હરેશભાઈ** હતું, જે બદલીને **સિંઘવ જયમીન હરેશભાઈ** કરેલ છે. જેની નોંધ લેવી.
**સરનામું :** ૬૧/એફ/એફ, સાફલ્યા સોસાયટી, સેકટર-૩ સમ્રાટનગર ઈસનપુર, અમદાવાદ-૩૮૨૪૪૩
C001

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**પેસેન્જર વહન કરતી ટ્રેનોમાં પાર્સલ સ્પેસ ભાડે આપવા માટે ઈ–ઓક્શન**

**પત્ર નં. WR-ADI0COMM(9LPP)/3/2022 તા.27-07-2023**

ઉપરોક્ત સંદર્ભમાં, અમદાવાદ ડિવિઝન થી ઉપડતી પેસેન્જર વહન કરતી ટ્રેનોમાં પાર્સલ સ્પેસ ભાડે આપવાના કોન્ટ્રાક્ટ માટે ઈ–ઓક્શન આમંત્રિત કરવામાં આવે છે. જણાવેલ બે **કેટલોગ આઈઆરઈપીએસ વેબસાઈટ પર પહેલે થી પ્રકાશિત કરવામાં આવેલ છે.** જેની વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી | ઈ–ઓક્શનની તારીખ અને સમય |
|---|---|---|---|
| ADI-લીઝ-08-23 | પાર્સલ | પાર્સલ -SLR અને VP | બધા લોટ્સ માટે ઈ–ઓક્શન તા.14-08-2023 ના 11:00 કલાકે શરૂ થશે. |

**નોંધ : સંભવિત બિડર્સને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ–ઓક્શન લીઝિંગ મોડ્યૂલની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવે છે. લોટ મુજબની વિગતો તેમાં ઉપર જણાવેલ કેટલોગ નં. હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કૂલિંગ ઑફ પિરિયડ 30 મિનિટ છે. સકસેસિવ લોટ ક્લોઝીંગ ઈન્ટરવલ 10 મિનિટ છે. આઈઆરઈપીએસ ના ઈ–ઓક્શન મોડ્યૂલ માં લોટ-વાઈઝ બંધ થવાનો સમય જોઈ શકાય છે.** ADI-117

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**ટ્રેક જાળવણી પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ**

**ઈ–ટેન્ડર નોટીસ નં. DRM-BRC 072 OF 2023-24**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (W A/C) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચે જણાવેલ કાર્યો માટે સીલબંધ ટેન્ડરો આમંત્રિત કરે છે. **અનું. નં.1: ટેન્ડર નં. DRM BRC 072 of 2023-24, કામનું નામ:** વડોદરા ડિવિઝન :- બે વર્ષ માટે SSE/P.Way/DB ના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ BG સેક્શનો પર ટ્રેક જાળવણી પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ. (2023-2025) (R-1) **કામનો અંદાજીત ખર્ચ (₹ માં):** 3,04,47,846.46, **જમા કરાવવાની બીડ સિક્યુરીટી ડિપોઝીટ (₹ માં):** 3,02,200.00, **ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ** તા.17-08-2023 ના 15:00 કલાક પહેલા ટેન્ડર જમા કરાવી શકાશે અને તે જ તારીખે 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. **વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફીસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશેઃ** વેબસાઈટ @ www.ireps.gov.in ડિવિઝનલ રેલવે મેનેજર (W A/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-4. BRC-135

અમને લાઇક કરો: facebook.com/WesternRly

Franklin Templeton Mutual Fund

Cancellation of the below IAP

Please note that following IAP has been cancelled due to some unavoidable circumstances:

Investor Education and Awareness Initiative.

Venue :
HAUT PLATTER Banquet Hall, Mangaldeep Complex, 101, First Floor, Varachha Main Rd, Hirabaugh, Surat 395006

Date: 1st August, 2023
Time: 7.00 p.m.

Contact Person: Jigar Desai (9725043004)

FRANKLIN TEMPLETON

Registered office: One International Centre, Tower 2, 12th & 13th Floor, Senapati Bapat Marg, Elphinstone (West), Mumbai - 400013

Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**નોન–ફેર રેવેન્યુ કોન્ટ્રાક્ટ્સ માટે ઈ–ઓક્શન**

**પત્ર નં. 2018/CE-1/CT/8 તા.07/01/19.**

ઉપરોક્ત સંદર્ભમાં, અમદાવાદ ડિવિઝન ના નોન ફેર રેવેન્યુ કોન્ટ્રાક્ટ્સ માટે ઈ–ઓક્શન આમંત્રિત કરવામાં આવે છે. જણાવેલ **કેટલોગ આઈઆરઈપીએસ વેબસાઈટ પર પહેલે થી પ્રકાશિત કરવામાં આવેલ છે.** જેની વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી | ઈ–ઓક્શનની તારીખ અને સમય |
|---|---|---|---|
| NFR-ADI-18-23-2 | જાહેરાત | RDN OOH મોબાઈલ એસેટ્સ | બધા લોટ્સ માટે ઈ–ઓક્શન તા.14-08-2023 ના 11:00 કલાકે શરૂ થશે. |

નોંધ : સંભવિત બિડર્સને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ–ઓક્શન લીઝિંગ મોડ્યૂલની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવે છે. લોટ મુજબની વિગતો તેમાં ઉપર જણાવેલ કેટલોગ નં. હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કૂલિંગ ઑફ પિરિયડ 30 મિનિટ છે. સક્સેસિવ લોટ ક્લોઝીંગ ઈન્ટરવલ 10 મિનિટ છે. આઈઆરઈપીએસ ના ઈ–ઓક્શન મોડ્યૂલ માં લોટ-વાઈઝ બંધ થવાનો સમય જોઈ શકાય છે. ADI-119

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## આશિમા લીમીટેડ

કોર્પોરેટ ઓળખ નંબર: L99999GJ1982PLC005253
રજિસ્ટર્ડ ઓફિસ: ટેક્ષલન્સ કોમ્પલેક્ષ, ખોખરા-મહેમદાવાદ, અમદાવાદ – ૩૮૦ ૦૨૧.
ફોન નંબર : +91 79 67777000 ફેક્સ નંબર: +91 79 22773061
વેબસાઇટ: www.ashima.in; ઈ-મેઈલ આઈડી: investor_redressel@ashima.in

### ૪૦મી વાર્ષિક સાધારણ સભાની નોટિસ

આથી **નોટીસ** આપવામાં આવેછે કે, કંપનીના સભ્યોની ૪૦મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) નોટીસમાં જણાવ્યા મુજબના કામકાજના વ્યવહાર માટે **શુક્રવાર, તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૨૩ નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે** વિડિયો કોન્ફરંસીંગ (વિસી)/અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમ (ઓએવીએમ) દ્વારા યોજાશે, જે કોર્પોરેટ ઓફિસ મંત્રાલયનાં (એમસીએ) સામાન્ય પરિપત્રો ૧૪/૨૦૨૦, તા.૮ એપ્રિલ, ૨૦૨૦, ૧૭/૨૦૨૦, તા.૧૩ એપ્રિલ, ૨૦૨૦, ૨૦/૨૦૨૦, તા. ૫ મે, ૨૦૨૦, ૦૨/૨૦૨૧, તા.૧૩ જાન્યુઆરી ૨૦૨૧, ૨/૨૦૨૨ તા.૫ મે, ૨૦૨૨ અને ૧૦/૨૦૨૨ તા.૨૮ ડિસેમ્બર, ૨૦૨૨ (એમસીએ પરિપત્રો) તેમજ સિક્યુરિટીઝ એન્ડ એક્ષચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) પરિપત્રો SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79, તા. ૧૨ મે, ૨૦૨૦, SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11, તા.૧૫ જાન્યુઆરી, ૨૦૨૧ SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62 તા.13 મે, ૨૦૨૨ અને SEBI/HO/CFD/PoD-2/P/CIR/2023/4, તા. ૫ જાન્યુઆરી, ૨૦૨૩ **(સેબી પરિપત્રો)** અને કંપની ધારા ૨૦૧૩ની જોગવાઈઓ તેમજ નિયમો અનુસાર તેમજ સેબી (લિસ્ટિંગ ઓબ્લીગેસન્સ એન્ડ ડિસ્કલોઝર રીકવાયરમેંન્ટસ) રેગ્યુલેશન ૨૦૧૫ની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને છે અને કંપનીએ વર્ષ ૨૦૨૨-૨૩ ની સાધારણ સભાની નોટીસ અને વાર્ષિક અહેવાલ સોમવાર તા.૩૧ જુલાઈ, ૨૦૨૩ ના રોજ માત્ર ઈ-મેઇલ દ્વારા એજ સભાસદોને મોકલેલ છે કે જેઓનાં ઈ-મેઇલ આઈડી કંપનીમાં, રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ અને ડિપોઝીટરી પાર્ટિસિપેંટમાં શુક્રવાર તા. ૨૮ જુલાઈ, ૨૦૨૩ નાં રોજ નોંધાયેલ છે. એમસીએ અને સેબીનાં પરીપત્રોને ધ્યાનમાં રાખીને સાધારણ સભાની નોટીસ અને વાર્ષિક અહેવાલની ફીઝીકલ કોપીઝ મોકલવાની જરૂરિયાત રહેતી નથી.

કંપનીની વર્ષ ૨૦૨૨-૨૩ ની સાધારણ સભાની નોટીસ અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઇટ: www.ashima.in તેમજ બોમ્બે સ્ટોક એક્ષચેંજ અને નેશનલ સ્ટોક એક્ષચેંજ ઓફ ઈન્ડિયા લિમિટેડની વેબસાઇટ: www.bseindia.com અને www.nseindia.com તેમજ સેંટ્રલ ડિપોઝિટરી સર્વિસિસ (ઈન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ) ની વેબસાઇટ: www.evotingindia.com પર પણ મળી રહેશે. કંપનીએ રીમોટ ઈ-વોટીંગ, વિસી/ઓએવીએમ મારફત એજીએમમાં ભાગ લેવા તેમજ એજીએમ દરમ્યાન થનાર વોટિંગ માટે સગવડતા પૂરી પાડવા સીડીએસએલ સાથે વ્યવસ્થા કરેલ છે.

શુક્રવાર, તારીખ ૧૮ ઓગસ્ટ, ૨૦૨૩ (નક્કી કરેલ તારીખ) નાં રોજ જે સભાસદો કંપનીમાં ફીઝીકલ અથવા ડિમેટ સ્વરૂપમાં શેર ધરાવતા હોય તેઓ સીડીએસએલની ઈલેક્ટ્રોનિક પદ્ધતિ (ઈ-વોટીંગ) થી એજીએમની નોટીસમાં દર્શાવેલ કામકાજ ના વ્યવહાર ઉપર મતદાન કરી શકશે. કંપનીનાં બધાં સભાસદોને જણાવવામાં આવેછે કે :

૧. એજીએમ ની નોટીસમાં દર્શાવેલ સામાન્ય અને ખાસ કામકાજ માત્ર ઇલેક્ટ્રોનિક પદ્ધતિથી જ કરી શકાશે.
૨. રીમોટ ઈ-વોટીંગની સુવિધા મંગળવાર, તા.૨૨ ઓગસ્ટ,૨૦૨૩ સવારે ૯:૦૦ વાગ્યાથી ગુરુવાર, તા.૨૪ ઓગસ્ટ,૨૦૨૩ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે. કંપનીના સભાસદે એજીએમની નોટિસનાં ઠરાવ પર મતદાન કર્યા બાદ તેને બદલી શકશે નહીં.
૩. રીમોટ ઈ-વોટીંગની સુવિધા ઉપરોક્ત સમય બાદ સીડીએસએલ દ્વારા વોટિંગ બંધ કરી દેવામાં આવશે.
૪. સભાસદોના રિમોટ ઇ-વોટિંગ કે એજીએમ દરમ્યાન મતદાન માટેના અધિકાર માટે શુક્રવાર, તા.૧૮ ઓગસ્ટ, ૨૦૨૩ નક્કી કરેલ છે.
૫. જે લોકોએ વાર્ષિક સાધારણ સભાની નોટીસ મોકલ્યા બાદ, કંપનીના શેર મેળવ્યા હોય અને કંપનીના સભાસદ બનેલ હોય અને જેઓ શુક્રવાર, તારીખ ૧૮ ઓગસ્ટ, ૨૦૨૩ નક્કી કરેલ તારીખે શેર ધરાવતા હોય, તેઓ સામાન્ય સભાની નોટીસમાં આપેલી ઈ-વોટીંગ અંગેની સૂચના પ્રમાણે વોટ કરી શકશે.
૬. સભાસદો ને જાણ કરવામાં આવેછે કે,
   a) જે સભાસદોએ રિમોટ ઈ-વોટિંગથી મતદાન કરેલ છે, તે સભાસદો એજીએમમાં વીસી/ઓએવીએમ દ્વારા ભાગ લઈ શકશે પરંતુ ફરીથી ઈ-વોટિંગથી મતદાન કરવા હકદાર રહેશે નહીં.
   b) જે સભાસદોએ રિમોટ ઈ-વોટિંગથી મતદાન કરેલ નથી અને એજીએમમાં ભાગ લઈ રહ્યા છે, તેઓ એજીએમ દરમ્યાન ઈ-વોટિંગ દ્વારા મતદાન કરી શકશે.
   c) જે વ્યક્તિઓના નામ નક્કી કરેલ તારીખનાં દિવસે સભાસદો નાં રજીસ્ટર અથવા બેનિફિશિયલ ઓનર્સમાં નોંધાયેલ છે માત્ર એ જ સભાસદો એજીએમમાં. ભાગ લઈ શકશે અને રિમોટ ઈ-વોટિંગથી અથવા એજીએમ દરમ્યાન મતદાન કરી શકશે.
૭. ઈ-વોટીંગ ની પદ્ધતિ તેમજ ઇલેક્ટ્રોનીક મીટીંગ માં ભાગ લેવા માટે શેરધારકોએ નોટિસ માં આપેલ સૂચના ક્રમ નંબર ૧૧ ,૧૨, અને ૧૩ જોવાં.
૮. એજીએમ દરમ્યાન વોટિંગ અને રિમોટ ઈ-વોટીંગ પ્રક્રિયાને ન્યાયપૂર્વક અને પારદર્શક રીતે ચલાવવા માટે શ્રી તપન શાહ, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરી (મેમ્બરશીપ નં. FCS:4476 સી.પી. નં. 2839) ની સ્ક્રુટીનાઈઝર તરીકે નિમણૂક કરેલી છે.
૯. કંપનીના જે સભાસદો એ પોતાના ઈ-મેઇલ/મોબાઇલ નંબર રજીસ્ટર કરાવેલ નથી, તે સભાસદો એ નોટિસ માં સૂચના ક્રમ નંબર ૧૪ માં જણાવેલ સૂચના મુજબ રજીસ્ટર કરાવી શકશે.

રિમોટ ઈ-વોટીંગ/ઈ-વોટીંગ ને લગતા પ્રશ્નો/ખુલાસાઓ માટે સીડીએસએલ ની વેબસાઇટ www.evotingindia.com પર મૂકેલા FAQs (વારંવાર પૂછાતા પ્રશ્નો) અને વપરાશકાર મેન્યૂઅલમાં જોઈ શકાશે. ઈ-વોટીંગ સુવિધાના કોઈપણ પ્રશ્નોના નિરાકરણ માટે શ્રી રાકેશ દલવી, સિનિયર મેનેજર, સીડીએસલ, એ વિંગ, ૨૫મો માળ, મેરેથોન ફ્યુટ્રેક્સ, મફતલાલ મિલ કમ્પાઉન્ડસ, એન. એમ. જોષી માર્ગ, લોઅર પરેલ (ઈસ્ટ), મુંબઈ – ૪૦૦૦૧૩, ઈમેલ helpdesk.evoting@cdslindia.com અથવા ટોલ ફ્રી ફોન નંબર ૧૮૦૦ ૨૨ ૫૫ ૩૩ ઉપર સંપર્ક કરી શકાશે.

આશિમા લિમિટેડ વતી

સ્થળ: અમદાવાદ
તારીખ: ૩૧/૦૭/૨૦૨૩

શ્વેતા સુલતાનીયા
કંપની સેક્રેટરી અને કોમ્પલાયન્સ ઓફિસર

## UPL Limited

CIN: L24219GJ1985PLC025132
રજિ.ઓફિસઃ ૩-૧૧, જી.આઈ.ડી.સી., વાપી, વલસાડ-૩૯૬ ૧૯૫, ગુજરાત.
ટેલીફોન નં.+૯૧ ૨૬૦ ૨૪૩૨૭૧૬, ઈમેલઃ upl.investors@upl-ltd.com વેબસાઈટઃ www.upl-ltd.com

### ૩૦મી જૂન ૨૦૨૩ના રોજ પુરા થતા ત્રીમાસીક અંતેના કોન્સોલીડેટેડ અનઓડિટેડ નાણાંકિય પરિણામોનો અહેવાલ

(રૂ.કરોડમાં)

| ક્રમ નં. | વિગતો | ત્રિમાસીક અંતે | | | વર્ષના અંતે |
|---|---|---|---|---|---|
| | | જુન-૨૩ (અનઓડિટેડ) | માર્ચ-૨૩ (ઓડિટેડ) | જુન-૨૨ (અનઓડિટેડ) | માર્ચ-૨૩ (ઓડિટેડ) |
| ૧. | કામગીરીમાંથી કુલ આવક | ૮,૯૬૩ | ૧૬,૫૬૯ | ૧૦,૮૨૧ | ૫૩,૫૭૬ |
| ૨. | કર પહેલાંના સમયગાળા માટે ચોખ્ખો નફો (અસાધારણ વસ્તુઓ પહેલાં) | (૧૯) | ૧,૪૨૦ | ૧,૧૪૨ | ૫,૩૨૦ |
| ૩. | કર પહેલાંના સમયગાળા માટે ચોખ્ખો નફો (અસાધારણ વસ્તુઓ પછી) | (૬૨) | ૧,૩૯૧ | ૧,૦૬૪ | ૫,૧૫૦ |
| ૪. | કર સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) (અસાધારણ વસ્તુઓ પછી) કંપનીના શેર હોલ્ડરોને આભારી | ૧૬૬ | ૭૯૨ | ૮૭૭ | ૩,૫૭૦ |
| ૫. | સમયગાળા માટે (કર પછી) કુલ વ્યાપક આવક | ૩૧ | ૯૮૩ | ૧,૭૨૯ | ૬,૪૨૪ |
| ૬. | કંપનીના શેરહોલ્ડરોને આભારી કુલ વ્યાપક આવક | ૧૧૨ | ૭૧૨ | ૧,૪૨૬ | ૫,૨૬૭ |
| ૭. | ચૂકવેલ ઈક્વિટી શેર મૂડી (શેરની ફેસ વેલ્યુ - રૂ. ૨/ - દરેક) | ૧૫૦ | ૧૫૦ | ૧૫૦ | ૧૫૦ |
| ૮. | અન્ય ઈક્વિટી | | | | ૨૬,૭૦૮ |
| ૯. | શેર દીઠ (ઈપીએસ) (રૂ. ૨/ - દરેક) | | | | |
| | શેર દીઠ બેઝિક કમાણી | ૧.૩૩ | ૧૦.૬૮ | ૧૦.૭૬ | ૪૫.૭૯ |
| | શેર દીઠ ડાયલ્યુટેડ કમાણી | ૧.૩૩ | ૧૦.૬૮ | ૧૦.૭૬ | ૪૫.૭૯ |

**નોંધો :**

૧. ઉપરોક્ત ૩૦મી જૂન, ૨૦૨૩ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અંત માટેના સિક્યુરિટીઝ એન્ડ એક્સચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ) નિયમો, ૨૦૧૫ સુધારેલા, ના નિયમન ૩૩ હેઠળ સ્ટોક એક્સ્ચેંજમાં ફાઈલ કરેલા અનઓડીટેડ કોન્સોલિડેટેડ નાણાંકીય પરિણામોના વિગતવાર બંધારણનો એક અર્ક છે. ૩૦મી જૂન, ૨૦૨૩ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અંતના અનઓડીટેડ નાણાંકીય પરિણામો (કોન્સોલિડેટેડ અને સ્ટેન્ડઅલોન)નું સંપૂર્ણ બંધારણ કંપનીની વેબસાઈટ **www.upl-ltd.com** અને બીએસઈ **(www.bseindia.com)** અને એનએસઈ **(www.nseindia.com)** પર ઉપલબ્ધ છે.
૨. **SEBI LODR** રેગ્યુલેશન્સના રેગ્યુલેશન ૫૨ (૪) માં ઉલ્લેખિત અન્ય વિગતવાર માહિતી માટે, **NSE (www.nseindia.com)** ને સુસંગત જાહેરાતો કરવામાં આવી છે અને કંપનીની વેબસાઈટ **www.upl-ltd.com** પર માહિતી જોઈ શકાય છે.
૩. મુખ્ય સ્ટેન્ડલોન નાણાંકીય માહિતી નીચે મુજબ છે:

(રૂ.કરોડમાં)

| ક્રમ નં. | વિગતો | ત્રિમાસીક અંતે | | | વર્ષના અંતે |
|---|---|---|---|---|---|
| | | જુન-૨૩ (અનઓડિટેડ) | માર્ચ-૨૩ (ઓડિટેડ) | જુન-૨૨ (અનઓડિટેડ) | માર્ચ-૨૩ (ઓડિટેડ) |
| ૧ | કામગીરીમાંથી કુલ આવક | ૩,૫૯૪ | ૩,૫૮૧ | ૫,૦૦૭ | ૧૮,૭૮૩ |
| ૨ | કર પહેલાંના સમયગાળા માટે ચોખ્ખો નફો | ૩૦૮ | (૫૬) | ૫૪૩ | ૧,૨૮૪ |
| ૩ | કર પછીના સમયગાળા માટે ચોખ્ખો નફો | ૨૬૭ | (૧૬૩) | ૪૭૯ | ૯૭૫ |

૪. ૩૧મી જૂલાઈ, ૨૦૨૩ ઓડિટ કમિટી દ્વારા ઉપરોક્ત પરિણામોની સમીક્ષા કરવામાં આવી છે અને બોર્ડ ઓફ ડિરેક્ટરને ભલામણ કરવામાં આવી છે અને ત્યારબાદ ૩૧મી જૂલાઈ, ૨૦૨૩ના રોજ મળેલી તેની બેઠકમાં નિયામક મંડળ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ પરિણામો સ્ટેચ્યુટરી ઓડિટર દ્વારા મર્યાદિત સમીક્ષાને આધિન કરવામાં આવ્યા છે.

**યુપીએલ લિમિટેડ વતી,**

**રાજ તિવારી**
**(DIN: ૦૯૭૭૨૨૫૭)**
**હોલટાઈમ ડાયરેક્ટર**

સ્થળ : મુંબઈ
તારીખ : ૩૧મી જૂલાઇ, ૨૦૨૩

## SURBHI INDUSTRIES LIMITED

**CIN: L17110GJ1992PLC017672**
**Reg.** : “SURBHI HOUSE”, 2nd Floor, F. P. No. 206, B/h Old Sub-Jail, Ring Road, Khatodara, Surat. GUJARAT 395002

**Extract of Un-Audited Financial Results for the Quarter Ended on 30th June,2023**

(Rs. In Lacs)

| Sr No. | PARTICULARS | CURRENT QUARTER ENDING 30.06.2023 | YEAR TO DATE FIGURES 31.03.2023 | CORRESPONDING 3 MONTHS ENDED IN PREVIOUS YEAR 30.06.2022 |
|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 309.87 | 2708.65 | 712.32 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | -130.23 | 8.92 | 31.47 |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional items and/or Extraordinary items) | -130.23 | 8.92 | 31.47 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | -130.23 | 8.92 | 31.47 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | -130.23 | 8.92 | 31.47 |
| 6 | Equity Share Capital | 34374000 | 34374000 | 34374000 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | | 1180.56 | |
| 8 | Earnings Per Share (of Rs. 10/- each) (for“continuing and discontinued operations) | | | |
| | 1) Basic: | -3.79 | 0.26 | 0.92 |
| | 2) Diluted: | 0.00 | 0.00 | 0.00 |

**Note :**

a) The above results were reviewed by the Audit Committee and thereafter taken on record by the Board in its meeting held on July 31,2023 and also Audit Report were carried out by the Statutory Auditors.
b) The above is an extract of the detailed format of Quarterly/Annual Financial Results filed with the Stock Exchanges under Regulation 33 and 52 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/Annual Financial Results are available on the websites of the Stock Exchange(s) and the listed entity. (https://www.surbhi.com/investor-relations).
c) The impact on net profit / loss, total comprehensive income or any other relevant financial item(s) due to change(s) in accounting policies shall be disclosed by means of a footnote.
d) # - Exceptional and/or Extraordinary items adjusted in the Statement of Profit and Loss in accordance with Ind-AS Rules / AS Rules, whichever is applicable.

**For Surbhi Industries Limited**
**Ravjibhai P. Patel**
**Managing Director**
**DIN: 00023332**

**Date : July 31, 2023**
**Place : Surat**